# પુનર્લગ્નની કુપ્રથા અને શીલની મહત્તા

શીલની (Celibacy) કીંમત નહિ સમજનારા કેટલાક ધર્મથી તદ્દન અનભિજ્ઞ આત્માઓ તરફથી વિધવા વિવાહ (Widow marriage)ના પ્રચાર માટે કરવામાં આવતી હિલચાલ ખરેખર સ્ત્રીઓના શીલશૃંગારને ભસ્મીભૂત કરવામાં અંગારનું આચરણ કરી રહી છે, એમ કહીએ તો તેમાં કશું ખોટું નથી.

ઉપરોક્ત પ્રવૃત્તિમાં વિધવા બહેનોની નિરાધાર સ્થિતિ, પતિવિહોણું જીવન, સગાંસંબંધી તરફથી થતો તિરસ્કાર, માંગલિક પ્રસંગે તેમનો કરવામાં આવતો બહિષ્કાર, વિષય–વાસના તૃપ્ત કરવાના સાધનનો વિરહ આદિ દુઃખોથી તેમની થઇ રહેલી કરુણ હાલતનો ખ્યાલ કરી, તેમના પર દયા લાવી, તે દુઃખોમાંથી મુક્ત કરવા પૂરતો તેમનો આશય છે, એમ તેઓ જણાવે છે.

આશય શુદ્ધ હોવા છતાં, તેનું પરિણામ ભયંકર હોય છે. કારણ કે, ઉપર ટપકે દેખાતી દયાની કાર્યવાહીમાં સ્થૂલ બુદ્ધિના કારણે હિંસા પણ થઈ જવાનો ભય રહેલો હોય છે, જ્યારે બહારથી દેખાતી નિર્દયતા ભરી ચેષ્ટામાં કોઈ વખત સાચી દયા પણ સમાયેલી હોય છે.

જેમ હાથમાં ખુલ્લું ચપ્પુ લઈને રમતા પોતાના બાળકને નિહાળતી માતા ઝટ તેના હાથમાંથી તે ચપ્પુ ઝૂંટવી લે છે, અને તેમ કરવાથી બાળક પોતાના જાતિસ્વભાવ પ્રમાણે એકાટ રૂદન કરે છે, ગાળો પણ દે છે અને ખાતો પણ નથી. જો બાળકના અલ્પકાલીન રૂદનથી થતા દુઃખનો ખ્યાલ કરી, જે માતા તેના હાથમાંથી ચપ્પુ ખેંચી લેતી નથી, તે દયાના વાસ્તવિક સિદ્ધાંતને ધ્યાન ન આપતાં, ભવિષ્યમાં થતા નુકસાનનો વિચાર કરી, સીધો નહિ માને તો એક થપ્પડ લગાવીને પુત્રના હાથમાંથી ચપ્પુને ઝુંટવી લેનારી માતા વાસ્તવિક દયાળુ કહી શકાય છે.

તે જ મુજબ વિધવા બહેનોની અલ્પકાલીન, પરિમિત અને વિષયસુખની વાસના પૂરી કરવા પૂરતી કાલ્પનિક દયા ખાનારાઓ, પુનર્લગ્ન કરવાની સલાહ આપી, તેમને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શીલ ધર્મથી ભ્રષ્ટ કરનારા હોઈ, તેઓ સાચા હિતસ્વી અથવા વાસ્તવિક દયાળુ છે, એમ કદી માની શકાય નહિ.

હા, તેમની નિરાધાર સ્થિતિનો લાભ લઈ તેમનો તિરસ્કાર કરવો, ડગલે અને પગલે તેમનું અપમાન કરવું, તેઓને રંજાડવી આદિ તેમના પ્રત્યે અનુચિત વર્તન કરવું, એ તો સજ્જનો માટે ખૂબ શરમ ભરેલું હોઈ તેને પહેલી તકે દૂર કરવા ઘટતું જરૂર કરવું જોઈએ.

તેમને યોગ્ય સગવડો પૂરી પાડવા, તેમનું યથાયોગ્ય સન્માન સાચવવા તથા તેમના જીવનને ધાર્મિક વાતાવરણમાં જોડી શીલના રક્ષણ માટેના શક્ય પ્રયત્નો આદરવા બનતું કરવું જોઈએ. એ વિષયમાં તો સૌ કોઈ સંમત છે અને હોય.

પરંતુ વિષયવાસનાની ક્ષણિક શાંતિને ભવિષ્યમાં ઘોર અશાંતિ ઉત્પન્ન કરનારી પુનર્લગ્નની પ્રથા જૈન સમાજ તેમ જ ઉચ્ચ કોમ માટે તદ્દન અહિતકર, આગામી કાળમાં મોટું નુકસાન કરનારી અને નાલેશીભરેલી પ્રથામાં ધર્મી માણસો કદી સંમત થતા નથી.

વીતરાગ ધર્મના મર્મથી વાસિત બનેલી જૈન જેવી પરમોચ્ચ જ્ઞાતિમાં અને નીચ જ્ઞાતિમાં તફાવત શો ? વળી આ પ્રથાથી વ્યવહાર દૃષ્ટિએ આ લોકમાં પણ કેવાં નુકસાનો થાય છે, તે તો વર્તમાન પત્રોમાં આવતી ઘટનાઓ પરથી જાણી શકાય છે.

વળી, આ પ્રશ્નને ધર્મ સાથે પણ સંબંધ હોઈ, એ વિષયમાં ધર્મશાસ્ત્રો શું ફરમાવી રહ્યાં છે ? તેની પણ ટૂંક નોંધ લેવી આવશ્યક છે.

પરિશિષ્ટ પર્વમાં કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ જણાવે છે :

सकृज्जल्पन्ति राजानः सकृज्जल्पन्ति साधवः ।
सकृत् कन्याः प्रदीयन्ते, त्रीण्येतानि सकृत् सकृत् ।।

રાજાઓ એક જ વખત બોલે છે, સાધુઓ પણ એક જ વખત બોલે છે અને કન્યાઓ પણ એક જ વખત અપાય છે. આ ત્રણ વસ્તુ એક જ વાર થાય છે.

'શ્રીચંદ કેવળી ચરિત્ર'માં પૂજ્ય શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજ ચોથા અધ્યયનની ૪૬૨મી ગાથામાં જણાવે છે :

काष्टस्थाली सकद् वह्नौ, कणिकायांजलं सकृत् ।
सज्जनानां सकृत् वाक्यं, स्त्रीणामुषयमः सकृत् ।।

લાકડાનું ભાજન અગ્નિમાં, કણકમાં પાણી, સજ્જનોનું વાકય અને સ્ત્રીઓનું લગ્ન એક જ વખત હોય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી ૪૫૫મી ગાથામાં તેઓશ્રી ત્યાં સુધી જણાવે છે :

करमेलापको यस्याभूत् भ्रान्त्यापि यत्समं ।
तस्याः स एव भर्ता स्यात्, परस्त्री त्वपरस्य सा ॥

ભ્રમથી પણ જે સ્ત્રીનો જેની સાથે હસ્તમેળાપ થઈ ગયો, તો તે સ્ત્રીનો ધણી તે જ થઇ શકે. તે બીજા પુરુષને માટે પરસ્ત્રી ગણાય.

તો પછી એક પતિ મરી ગયા પછી બીજો પતિ કેમ જ હોઈ શકે ?

'કલ્પસૂત્ર'ની ટીકામાં (ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજની) રાજા દધિવાહનની સ્ત્રી ધારિણીનું દૃષ્ટાંત પણ એ વાતનો નિષેધ કરે છે.

બનાવ એ બન્યો છે : રાજા દધિવાહન અને શતાનિકની લડાઈ થાય છે. તેમાં દધિવાહન હારી જાય છે. ત્યારે તેમની રાણી ધારિણી અને પુત્રી ચંદનબાળા (વસુમતી) કોઈ એક સૈનિકના હાથમાં સપડાઈ જાય છે. ચંદનબાળાને વેચી દે છે અને ધારિણીને કહે છે કે, 'હું તને મારી પત્ની બનાવીશ.' બસ ! તેના કર્ણકટુક શબ્દો સાંભળતાંની સાથે જ તે જીભ કચડી મરણને વધાવી લે છે, પરંતુ તેના વચનને આધીન થતી નથી. જે શાસનમાં હું તને મારી પત્ની બનાવીશ એ શબ્દો સાંભળવાને માટે પણ સ્ત્રીઓ તૈયાર નથી, ત્યાં બીજો પતિ કરવાની વાત હોય જ ક્યાંથી ?

વળી, નેમનાથ ભગવાન ભોગાવલિ કર્મના અભાવે જ્યારે રાજુલ નામની રાજકન્યાને નહીં પરણતાં જાન લઈ પાછા ફરે છે, ત્યારે રાજુલનાં માતપિતા તેને કહે છે કે, ગભરાઈશ નહિ. બીજા કોઈ શ્રેષ્ઠ રાજપુરુષ સાથે તારું લગ્ન કરીશું. તે સમયે જો કે, રાજુલ હજી લગ્નગ્રંથિથી જોડાઈ નથી, એટલે તે ઇચ્છે તો બીજો પતિ કરી શકે છે. છતાં તે કહે છે કે, સતી સ્ત્રીઓ જેને મનથી પણ પતિ તરીકે સ્વીકારે છે, તેને માટે તેના સિવાય બધા ભાઈબાપ તુલ્ય છે.

આ દૃષ્ટાંત જૈન સમાજથી ક્યાં અજાણ્યું છે? આવી ઉત્કૃષ્ટ સતીનું નામ ભજનારી વિધવા બહેનો જે કાર્ય રાજુલે કર્યું, તે કાર્યને પસંદ કરી તેમના પવિત્ર પંથે વિચરી શીલનું રક્ષણ કરી અનંત જન્મમરણોના દુઃખથી મુક્ત થવા પ્રયત્ન કરે, એ જ હિતાવહ છે.

પૂજ્ય શ્રી વિજયલક્ષ્મીસૂરિજી મહારાજ 'પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન'માં સશલ્ય તપ ન કરવા સંબંધી લક્ષ્મણા આર્યાનું દૃષ્ટાંત આપે છે : આ લક્ષ્મણા આજથી ચોરાશી ચોવીશી ઉપર થયેલ એક રાજપુત્રી છે. તેનો પતિ ચોરીમાં જ કર્મવશાત્ મરી જાય છે. ત્યારે તે બીજો પતિ ન કરતાં, સાધ્વી બનવાનું પસંદ કરે છે. આથી એ સિદ્ધ થાય છે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે, ખાનદાન કુળની બાળાઓ એક પતિના મરણ પછી બીજો પતિ સ્વીકારતી નથી. આ સુંદર પ્રથા અસંખ્યાતા વર્ષો પહેલાંથી ચાલી આવે છે.

જંબુસ્વામીની સાથે માત્ર સગપણમાં જ જોડાયેલી આઠ પુત્રીઓને તેનાં માતા-પિતા કહે છે: 'જંબુ તો દીક્ષા લેનાર છે, માટે બોલો, તમારો શો વિચાર છે?' ત્યારે તેઓ જવાબ આપે છે: 'જે જંબુ કરશે, તે અમે કરવા તૈયાર છીએ. પણ તેના સિવાય બીજો પતિ તો અમે આ ભવમાં કદી કરીશું નહિ.' જ્યાં બીજો પતિ કરવાનો અવકાશ છે, ત્યાં પણ સતીઓ બીજા પતિને ઇચ્છતી નથી, તોપ છી એક પતિના મરણ બાદ બીજો પતિ સતી સ્ત્રીઓ ઇચ્છે જ કેમ?

એક મતથી વાસુપૂજ્ય સ્વામીના સમયમાં અને બીજા મતથી મુનિસુવ્રત સ્વામીના સમયમાં થયેલા શ્રીપાળકુમાર અને મયણાસુંદરીની કથા જૈન સમાજમાં સુવિખ્યાત છે. કથામાં મયણાસુંદરીએ પોતાના પતિને આપેલો જવાબ અને તેની માતાએ પોતાની પુત્રી માટે કલ્પેલો અભિપ્રાય એ તેમના હૃદયમાં રહેલા સતીત્વ ધર્મની મહત્તાને માપવાનું એક માપક યંત્ર છે.

વસ્તુસ્થિતિ એ છે કે, કોઢરોગથી ગ્રસ્ત થયેલા શ્રીપાળકુમાર, મદનાસુંદરી જેવી એક રાજપુત્રીનો મારી સંગતથી ભવ ન બગડે એ હેતુથી કહે છે: 'હે મદના! તું હજી બીજો પતિ કરી શકે છે.' તેના ઉત્તરમાં મદનાસુંદરી જણાવે છે: 'સ્વામિનાથ, હવે કર્ણકટુક આવું વચન કદી બોલશો નહીં. કારણ કે, પ્રથમ તો કાંજી એક તુચ્છ ખાણું છે અને તે પછી સડેલી હોય તો એની તુચ્છતાનું પૂછવું જ શું? તે મુજબ સ્ત્રીનો અવતાર મહા પાપોદયથી મળે છે. તેમાં બીજો પતિ કરવો તેની અધમતાનું તો કહેવું જ શું? આનું નામ જ સાચો સતીત્વપ્રેમ.

ત્યારબાદ સિદ્ધચક્રના સ્નાત્રજળના સિંચનથી કંચનમય કાયાવાળા શ્રીપાળકુમારને રૂપસુંદરી નિહાળે છે, ત્યારે તે મનમાં વિચારે છે કે, એક તો ક્રોધાવેશમાં આવી જઈ રાજાએ અનુચિત કાર્ય કર્યું, અને કોઢિયા પતિને છોડી બીજા પતિના સ્વીકારથી મદનાએ પણ અનુચિત કર્યું છે. બંને કુળને કલંકિત કરનારી આ પુત્રી મારે પેટે પથ્થર પાકી હોત તો સારું થાત. રૂપસુંદરીની આ ખોટી પણ કલ્પના તેના હૃદયમાં ઊંડે ઊંડે રહેલી સતીત્વધર્મની મહત્તાનું એક પ્રતિબિંબ હતું.

હવે પુનર્લગ્નની પુષ્ટિ માટે મુગ્ધ લોકોને ભ્રમિત કરવા અપાતાં કલ્પિત દષ્ટાંતોનો વિચાર કરીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિધવાવિવાહની પુષ્ટિ માટે અપાતું વસ્તુપાળ–તેજપાળની માતાનું દૃષ્ટાંત પણ અસ્થાને છે. વસ્તુસ્થિતિ એ છે કે, આ સ્ત્રીની કુક્ષિથી બે નરરત્નો પાકશે, એવી કોઈ ભવિષ્યવેત્તાની વાણીને સાંભળીને નજીકમાં રહેલો માણસ તેને ઉપાડી જાય છે, કર્મવશ બની તે તેના સંબંધમાં જોડાય છે અને તેનાથી આ પુત્રરત્નો પેદા થાય છે. આથી તેમની માતાએ પુનર્લગ્ન કર્યું છે, એમ કદી સિદ્ધ થતું નથી અથવા તે વખતે તે રિવાજ હતો એમ પણ ન કહી શકાય. કોઈ વ્યક્તિગત બનેલી ઘટનાનો જૈન સમાજના સુંદર બંધારણને તોડી નાખવામાં દુરુપયોગ કરવો એ સજ્જનો માટે ઉચિત તો ન જ કહેવાય. વળી તેવાં નરરત્નોની ઉત્પત્તિ એ કાંઈ વિધવાવિવાહને આભારી છે એમ નહિ. પરંતુ જૈન શાસનમાં તેવા મહાન પુરુષોની ઉત્પત્તિરૂપ એક જાતની ભવિતવ્યતાને આભારી છે. અરે! હજી કોઈ સધવા સ્ત્રીએ પણ આજ સુધી એવાં નરરત્નો ઉત્પન્ન કર્યા નથી, તો વિધવાઓ દ્વારા તેવાં નરરત્નો ઉત્પન્ન કરવાની ભ્રામક વાતો કરવી એ વ્યર્થ છે.

મૌર્ય અને મંડિતપુત્ર એ બે ગણધરોની માતાનાં આપવામાં આવતાં દૃષ્ટાંત પણ અનુચિત જ ગણાય. કારણ કે, તેઓ બ્રાહ્મણપુત્રો હતા, એટલે તેમની ન્યાતમાં તે સમયે તે પ્રથા ચાલતી હોય એ સંભવિત છે. પણ તે પ્રથા વીતરાગ ધર્મના અનુયાયીઓએ અપનાવવી જ જોઈએ, એમ કદી બની શકે નહીં. કોઈ પણ જાતિમાં રહેલી સુંદર પ્રથાનું અનુકરણ થઈ શકે છે, પરંતુ આત્માને અહિતકર પ્રવૃત્તિનું નહીં.

વળી કેટલાક, જૈન ધર્મથી તદ્દન અનભિજ્ઞ પુરુષો તો આદીશ્વર ભગવાને પણ પુનર્લગ્ન કર્યું છે, એમ કહી તે મહાપુરુષ ઉપર પણ અસત્ય આરોપ મૂકવાનું સાહસ ખેડે છે. નીચેનો ખુલાસો વાંચવાથી ખ્યાલ આવશે કે, એ વાત પણ તદ્દન ખોટી છે.

ભગવાન આદીશ્વરના સમયમાં જ્યારે યુગલિક ધર્મ પ્રવર્તતો હતો, ત્યારે જે ભાઈ-બહેનોનું યુગલ જન્મે, તે જ યુગલ પુખ્ત ઉમ્મર થતાં, પતિપત્ની તરીકેનો સંબંધ જોડે છે અને તે યુગલિકો માટે અનાદિ કાળનો તેવો નિયમ જ હોય છે.

એવું જ એક સ્ત્રીપુરુષનું યુગલ ઝાડ નીચે બેઠું છે. તે પ્રસંગે અચાનક ઝાડ ઉપરથી એક ફળ પુરુષના શિર ઉપર પડે છે અને તે મરી જાય છે. (આને અકાળ મૃત્યુ કહેવાય છે.) એટલે કન્યા એકલી આમતેમ ભટકે છે. તેને ઉપાડી નાભિ રાજા પાસે લાવવામાં આવે છે. કન્યાની નિરાધાર પરિસ્થિતિ નિહાળી નાભિ રાજા કહે છે: 'રાખો. અમારા ઋષભની પત્ની થશે.' હજી તો એ ભાઈબહેનો પોતાના યુગલિક ધર્મના રિવાજ મુજબ પતિપત્ની તરીકે જોડાયા પહેલાં જ એમાંથી એકનું મૃત્યુ થાય છે, એટલે તે કન્યાનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભગવાન આદિનાથ સાથે લગ્ન થાય છે. કહો કે આ પ્રસંગમાં જરા પણ વિધવાવિવાહની ગંધ જ ક્યાં છે?

સામાન્ય બુદ્ધિવાળા પણ આ ઘટનાને દીર્ઘ દૃષ્ટિથી વિચારે તો સહેજે સમજી શકાય તેવી છે. છતાં પાશ્ચિમાત્ય કેળવણીમાં નિષ્ણાત થયેલા, આ પ્રસંગને આગળ કરી ઊંધા પાટા બંધાવવાનો પ્રયત્ન શા માટે કરતા હશે? કોઈ પણ સારી અગર બૂરી કાર્યવાહી કોઈ પણ કરે તેને કોણ રોકી શકે છે? પરંતુ તેને ભગવાનના નામે ચઢાવી ભોળી જનતાને છેતરવાનો પ્રયત્ન કરવો એ તો તદ્દન ગેરવાજબી જ ગણાય.

વીતરાગ પરમાત્માના ધર્મમાં શીલ એ સૌથી શ્રેષ્ઠ અને સુંદર આચાર ગણાય છે. 'ભરહેસરની સજ્ઝાય'માં જે વ્યક્તિઓ ચતુર્વિધ સંઘ માટે પ્રાતઃસ્મરણીય બની હોય, તો તેમાં પણ તેમનું શીલ જ કારણ છે. તેવા સુંદર ધર્મનો નાશ કરનારી વિધવા વિવાહની પ્રથા કોઈ પણ હિસાબે આવકાર પાત્ર ગણી શકાય નહીં.

તદુપરાંત, અત્રે કર્મસિદ્ધાંતનો પણ વિચાર કરવો જરૂરી છે. બધી સ્ત્રીઓ નહિ પણ અમુક જ બાળાઓ વિધવા થાય છે. તેનું શું કારણ? તેનું મુખ્ય કારણ તો એ છે કે, જે સ્ત્રીઓએ પૂર્વમાં શીલધર્મનું સુંદર પરિપાલન નથી કર્યું, તેવી સ્ત્રીઓને વૈધવ્ય દશા નાની ઉમ્મરમાં આવે છે. તો હવે વૈધવ્ય દશા પુનઃ પ્રાપ્ત ન થાય તે માટે શીલ-પાલનની આવશ્યક્તા છે. પણ તે આવશ્યકતાને નહીં સ્વીકારતાં પુનર્લગ્નની સલાહ આપી, શીલથી ભ્રષ્ટ બનાવી, ભવોભવમાં બાળરંડાપાનું દુઃખ સમર્પણ કરવું, એ તો સોના સાઠ કરવા બરાબર છે.

જે દુઃખ શીલના ખંડનથી ઊભું થયું છે, તે દુઃખને ટાળવા માટે શીલનું પાલન જ પરમ ઔષધ છે. કાદવથી ખરડાયેલા પગને સાફ કરવા માટે તેને કાદવમાં નાખવાથી કદી સાફ થતો નથી, પરંતુ તેને સ્વચ્છ કરવા માટે પાણીની જરૂર રહે છે. વળી, બાળ-વિધવા થતી અટકાવવા માટે કન્યાવિક્રય અને વૃદ્ધ વિવાહ આદિ કુપ્રથાને પણ રોકવાની જરૂર છે. ઊંટવૈદ્યોથી રોગ કદી પણ જશે નહીં. સત્ય ઔષધની શોધ કરવી જરૂરી છે.

જે લોકો એમ કહે છે કે, 'જેને પુનર્લગ્ન કરવું હોય એ કરે, ન કરવું હોય તે ન કરે. પણ સમાજ તરફથી કાંઈ પ્રતિબંધ હોવો ન જોઈએ, કારણ કે, બળાત્કારથી ધર્મ કરાવવામાં શો ફાયદો છે?' આ તેમનું કહેવું પણ યુક્તિયુક્ત નથી.

જૈનશાસન જેમાં પાપ માને છે, કે જેથી ભવિષ્યમાં અત્યંત નુકસાન થવાનો ભય જુએ છે, તેવી કાર્યવાહીનો પ્રતિબંધ તેણે કરવો જ જોઈએ, આત્મહિતને નુકસાન પહોંચાડનારાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાપકર્મો સૌની ઇચ્છા ઉપર છોડવામાં આવે તો સમાજનું અગર ધર્મનું બંધારણ કદી કાયમ રહી શકે નહિ. વ્યક્તિગત કોઈ સ્ત્રી તેવું કાર્ય કરે, તો તેને માટે તે પોતે જ જવાબદાર છે, જ્યારે ધર્મ અગર સમાજ તરફથી તે પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવે, તો પુનર્લગ્નની અનિષ્ટ પ્રવૃત્તિનો પ્રચાર વધી જાય અને તેથી થતા સઘળા પાપોના ભાગીદાર, સમાજ તથા ધર્મશાસ્ત્રકારો બને છે. માટે કોઈ પણ અશુભ કાર્યવાહી માટેનો પ્રતિબંધ ખસેડી લેવાની કે તેને શિથિલ બનાવવાની કોશિશ હરગિજ કરવી નહિ.

કોઈ કહેશે કે, ધર્મશાસ્ત્રકારો તરફથી પાપો કરવા પર પ્રતિબંધ હોવા છતાં અને તે માટે ધર્મગુરુઓનો ઉપદેશ ચાલુ હોવા છતાં દુનિયામાં પાપો તો સઘળાં ચાલુ જ છે. અને તેથી તેવા પ્રતિબંધની કાંઈ કિંમત રહેતી નથી. એ માન્યતા પણ ભૂલભરેલી છે.

કારણ કે, ઘરનું બારણું બંધ હોવા છતાં ચોરો તો ગમે ત્યાંથી ખાતરો પાડીને પેસે તો છે જ, તો પછી ઘરનું બારણું બંધ કરીને શા માટે સૂઓ છો ? ખુલ્લું કેમ રાખતા નથી ? કહેવું જ પડશે કે, ખુલ્લે બારણે ચોરોને પેસવાની જે સુગમતા રહે છે, તેવી સુગમતા ખાતર પાડીને પેસવામાં કદી રહે નહિ. ઉપરના દૃષ્ટાંતથી પ્રતિબંધની આવશ્યકતા આપોઆપ સમજાય એવી છે.

વળી બળાત્કારથી પળાવેલા શીલપાલનમાં કાંઈ લાભ જ નથી, એમ કહેનારાઓ જૈન સિદ્ધાંતથી તદ્દન અજ્ઞાન છે. શાસ્ત્રમાં કહ્યું છે :

> कायेण बंभचेरं धरंति भव्वा उ जे असुद्धमणा ।
> कप्पंमि बंभलोए ताणं नियमेण उववाओ ॥

જે ભવ્ય આત્માઓ અશુદ્ધ મનથી માત્ર કાયાથી બ્રહ્મચર્ય પાળે છે, તે નિયમા બ્રહ્મદેવલોક નામના પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

જો કે, નિકટ મોક્ષગામી બહેનો તો ઇચ્છાપૂર્વક જ શીલનું પાલન કરે છે. છતાં કુલાચારથી અગર લજ્જાથી પણ તેનું પાલન દેવલોકની સુંદર ગતિ અર્પે છે. વિના ઇચ્છાએ પણ પીધેલું અગર બળાત્કારથી પીવડાવેલું અમૃત કદી નુકસાન કરતું નથી.

વિધવાવિવાહની તરફેણ કરનારા હિંસાના હેતુને આગળ કરીને જણાવે કે, ઘણી વિધવાઓ કે વિધવા બાળાઓ પુનર્લગ્નના અભાવે ગર્ભપાત આદિ મહાપાપ કરે છે. જો આ રિવાજ દાખલ કરવામાં આવે તો તે હિંસાથી તેમને બચાવી શકાય.

ઉપરોક્ત દલીલ અહિંસાને નહિ, પણ હિંસાને જ વધારવામાં મદદ કરનારી છે. જો કે, કોઈ કોઈ સ્થળે ગર્ભપાતના બનાવો બનતા હશે, તેની ના નથી. પરંતુ નાતરાના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રિવાજથી હિંસાના બનાવો કેટલાયે ગણા વધી જશે, તેનો પણ સાથે સાથે વિચાર કરી એનો પણ પૂરતો ખ્યાલ રાખવાની જરૂર છે.

ઉદાહરણ તરીકે, કોઈ એક કન્યાને ધનાઢયના પુત્ર સાથે પરણાવવામાં આવી. હવે કોઈ કર્મવશાત્ ચડતી–પડતીના પંજામાં ફસાઈ જવાથી કદાચ તે કંગાળ બની જાય અને ખાવાના પણ ફાંફાં પડે એવી સ્થિતિમાં તમે એમ માનો છો કે, તે સ્ત્રી પુનર્લગ્નના રિવાજનો લાભ ઉઠાવી પોતાના પતિને મારી નાખવાનું સાહસ ન ખેડે? કદાચ આર્થિક સ્થિતિ સારી પણ હોય અને શારીરિક સ્થિતિમાં ક્ષય આદિના કારણે ફેરફાર થઈ જાય તો પોતાની વિષયવાસનાને પુષ્ટ કરવા પોતાના પતિને ઝેર આપવા જેટલી નીચી હદે શું નહિ પહોંચે?

અગર કન્યાના માતપિતાએ ધનના લોભને વશ બની કાળો કદરૂપો અને સાવ ભોળોભટાક અગર વૃદ્ધ પતિ પસંદ કરી લાકડે માંકડું વળગાવી દીધું. પરંતુ પાછળથી તેવા કફોડા સંજોગોમાં અકળાતાં અને બીજો સુંદર પતિ પ્રાપ્ત થતાં વિધવાવિવાહનો રિવાજ પતિના જાનને જોખમમાં નાખ્યા વિના નહિ રહે, એની શી ખાતરી?

વળી, એમ માની લેવાની જરૂર નથી કે, સ્ત્રીઓનું કોમળ હૃદય આવું કરપીણ કાર્ય નહિ કરે! બ્રહ્મા પણ પાર ન પામી શકે એવાં તેમનાં સાહસો અને ચરિત્રો તપાસવાં હોય તો, સ્ત્રીચરિત્રનાં પુસ્તકો વાંચી જોશો તો તમને માલમ પડશે કે સ્ત્રી અબળા કહેવાતી હશે, છતાં સબળાને પણ મોટા ખાડામાં ઉતારી શકે છે. ખાનદાનીને નહિ છોડનારી સ્ત્રીઓની સંખ્યા તો આંગળીના વેઢા ઉપર ગણાય તેટલી જ હોય છે, કહ્યું પણ છે:

स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यं ।
देवो न जानाति कुतो मनुष्यः ॥

સ્ત્રીઓનું ચરિત્ર અને પુરુષનું ભાગ્ય દેવ પણ ન જાણે, તો પછી મનુષ્ય તો જાણે જ કયાંથી?

ઉપરની હકીકત એ સિદ્ધ કરે છે કે, થોડી સંખ્યાની વિધવાઓ દ્વારા થતા ગર્ભપાતો કરતાં પુર્નલગ્નની પ્રથા મોટા યુવાનોના, પ્રૌઢોના અને વૃદ્ધ માણસોના પ્રાણો હરવામાં પાછી પાની નહિ કરે. કારણ કે, તેઓ એમ સમજે છે કે, અમારે પતિ વિના તો રહેવાનું છે જ નહિ. 'કણબીનો કૂઓ એક મૂઓ અને બીજો ઊભો' એ કહેવતને ચરિતાર્થ કરનારો આ રિવાજ તેમની મદદમાં તૈયાર જ છે.

વળી ઘણી સ્ત્રીઓ પોતાના પતિ સાથેના કલેશ–કંકાસથી, પોતાના પતિના દુરાચાર આદિને કારણે અગર તો સાસુ, સસરા આદિ તરફથી ગુજારવામાં આવતા અસહ્ય સંતાપોને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કારણે, જેનો પતિ મરી ગયો છે એવી વિધવા બાઈ કરતાં પણ ઘણું દુઃખ અનુભવનારી હોય છે અને તે દુઃખોમાંથી મુક્ત થવા માટે બળી મરવાના અને કૂવામાં પડીને આપઘાત કર્યાનાં દૃષ્ટાંતો પણ જોવામાં આવે છે.

ઉપરોક્ત પ્રતિકૂળ સંજોગોમાં સપડાયેલી સ્ત્રીઓની દયા કરવા માટે પુનર્લગ્નના રિવાજની માફક મોડો વહેલો જૈન સમાજમાં ફારગતી (Divorce)ના રિવાજને પણ ઘૂસતાં વિલંબ નહિ લાગે. જે રિવાજના પ્રભાવે પુનર્લગ્નના રિવાજ કરતાં પણ અનેકવિધ અનિષ્ટ પરિણામો ખડાં થવાનો સંભવ ઊભો જ છે. ફારગતી એટલે "લે તારી છાલી અને હું મારે ચાલી" એ કહેવત આજે યુરોપ આદિ દેશોમાં છાશવારે ને છાશવારે ચરિતાર્થ થઈ રહી છે, જે સૌ કોઈ જાણે જ છે. માટે આર્ય દેશમાં અનેકવિધ અનિષ્ટ પરિણામોને અને ગેરવ્યવસ્થાને ઉત્પન્ન કરનારી તે કુપ્રથા ઘૂસે નહિ, તે હેતુથી દીર્ઘકાળથી ચાલ્યા આવતા એક પતિવ્રતના સુંદર રિવાજનું ખૂન કરવું તે ધાર્મિક તથા વ્યાવહારિક એમ બંને દૃષ્ટિબિંદુએ હિતાવહ ગણી શકાય નહિ.

પુરુષોને અનેક વખત પરણવાનો હક અને સ્ત્રીઓને કેમ નહિ? આ પ્રશ્ન પણ કેટલાક સામ્યવાદી ભેજાંવાળાઓ ઉત્પન્ન કરે છે. તેમનો આ પ્રશ્ન તથ્ય વિનાનો હોઈ અનુચિત છે. તેના ઉપર દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવામાં આવશે તો તેનું પણ સમાધાન આપોઆપ થઈ જશે.

પુરુષોને એકથી અનેક વખત લગ્ન કરવાનો હક કોઈ સમાજે અગર ધર્મશાસ્ત્રકારોએ આપ્યો છે એવું કાંઈ નથી. તેમ કરવામાં તેમની વિષયવાસનાની અતૃપ્તિ તથા ભોગાવલિ કર્મો આદિ કારણો છે. ઘણા ભાગ્યશાળીઓ વિષયોની દુરંતતાને સમજી એકથી બીજી વખત લગ્ન નથી પણ કરતા. મહારાજા કુમારપાળને એકથી અનેક સ્ત્રીઓ મળતી હોવા છતાં તેઓ બીજી વખત પરણ્યા નથી. હાલ પણ બીજી વખત નહિ પરણવાની પ્રતિજ્ઞાવાળા ભાગ્યશાળીઓ જોવામાં આવે છે. અને કદાચ પુરુષો એકથી અનેક વખત લગ્ન કરે. એટલું જ નહિ, પણ એકીસાથે અનેક સ્ત્રીઓનું પાણિગ્રહણ કરે, તો તે આજથી નહિ પણ અનાદિ કાળથી ચાલી આવતી પ્રથા છે. ચક્રવર્તીને ચોસઠ હજાર સ્ત્રીઓ હતી. રાજામહારાજાઓને સેંકડો સ્ત્રીઓ હતી. શાલીભદ્રજી, ધન્નાજી, જંબુસ્વામી અને મેઘકુમાર આદિ રાજપુત્રો અને શેઠશાહુકારોને એકથી અનેક પત્નીઓ હતી.

કોઈ પણ સમયમાં એવો ઇતિહાસ છે કે, એક રાણીને પાંચ–પચીશ રાજાઓ પરણ્યા હોય અગર એક શેઠાણીએ અનેક શેઠિયાઓ પતિ તરીકે સ્વીકાર્યા હોય? અનાદિ કાળથી એવું કદી બન્યું નથી, બનતું પણ નથી અને ભવિષ્યમાં બનશે પણ નહિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી પુરુષ ભોગવનાર છે, જ્યારે સ્ત્રી ભોગ્ય વસ્તુ ગણાય છે. ભોગવનારો એક હોય છે અને ભોગ્ય વસ્તુઓ અનેક હોય છે. વળી એક ધનાઢ્ય પુરુષ એકી સાથે અનેક સ્ત્રીઓને પરણી, પોતાના ઘરમાં લાવી, તેમના પાલનપોષણની, વસ્ત્રાભરણાદિની હરેક પ્રકારની સગવડ કરવામાં પોતે સ્વતંત્ર છે. તે મુજબ એક ધનઢ્યની છોકરી અનેક ધનાઢ્યોના પોતાના ઘરમાં લાવવા માટે સ્વતંત્રતા ધરાવી શકે ખરી? કદાચ તે હઠ ઉપર આવીને તેમ કરવા ધારે, તો પણ તેનાં માબાપ તેની આ અયોગ્ય ઈચ્છાને તાબે થાય એમ બને ખરું? અરે નીતિશાસ્ત્રકારોએ સ્ત્રીને જીવનપર્યંત પરતંત્ર ગણી છે.

पिता रक्षति कौमारे, भर्ता रक्षति यौवने।
पुत्राश्च स्थविरे भावे, न स्त्री स्वातंत्र्यमर्हति ॥

બાલ્યાવસ્થામાં સ્ત્રીનું રક્ષણ પિતા કરે છે, યુવાવસ્થામાં તેનું રક્ષણ પતિ કરે છે, અને વૃદ્ધાવસ્થામાં તેનું રક્ષણ પુત્રો કરે છે. સ્ત્રી કદી સ્વતંત્રતાને યોગ્ય નથી.

વ્યવહારમાં પણ જેને હકો આપવામાં આવે છે, તેમાં પણ દરેકની યોગ્યતાનો અને લાભહાનિનો વિચાર પ્રથમથી જ કરવામાં આવે છે. સામાન્ય કારકુનને ન્યાયાધીશના હક્કો આપવામાં આવે, પોલીસને કમિશ્નરના હક્કો સુપરત કરવામાં આવે તો સ્વપર કેટલું નુકસાન પહોંચે તેનો વિચાર કરવા જેવો છે. મા પોતે લાડુ ખાય અને તાવની બીમારીમાંથી સાજા થયેલા પુત્રને માત્ર ઘેંસનું જ જમણ આપે તો તેમ કરવામાં માતાનો ભેદભાવ છે અગર તેના હક ઉપર તે તરાપ મારે છે, અથવા તો પુત્ર ઉપર તે અન્યાય કરે છે, એમ કદી પણ માની શકાય જ નહિ. તેમ કરવામાં માતાનું પુત્ર પ્રત્યે વાત્સલ્ય અને હિત જ કારણ છે. તેમ સ્ત્રીઓની તુચ્છ પ્રકૃતિ, ઉદાર વૃત્તિનો અભાવ અને તેના સંજોગો વગેરેને લક્ષમાં રાખી જે જે હકો નિર્માણ થયેલા છે, તે તે હકોને સ્વરૂપના હિતને ખાતર પણ તેમાં કશો ફેરફાર કરવો જરૂરી નથી. શાંત ચિત્તે આ બધી વસ્તુઓનો વિચાર કરવામાં આવશે, તો હકની ખોટી જીદ પકડનારાઓને સાચો રાહ હાથ લાગશે.

તો પછી દ્રૌપદીને પાંચ પતિઓ હતા તેનું કેમ? તેના ઉત્તરમાં જણાવવાનું કે, સતી દ્રૌપદીએ ઈરાદાપૂર્વક પાંચ પતિઓ સાથે લગ્ન કર્યું છે, એવું કંઈ જ નથી. તેમ તેમના સમયમાં એક સ્ત્રી અનેક પતિઓ એકી સાથે કરી શકે, એવી પ્રથા પણ ન હતી. દ્રૌપદીએ સ્વયંવર મંડપમાં યુધિષ્ઠિરના ગળામાં વરમાળા નાખી, તે સમયે તે વરમાળા પાંચે પાંડવોના ગળામાં પડતી સૌ કોઈએ દેખી. અને તેમ થવામાં દ્રૌપદીએ પોતાના પૂર્વ ભવમાં પાંચ પુરુષો સાથે એક વેશ્યાને ક્રીડા કરતી જોઈને વિવશ બની એ પ્રકારનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયાણું કર્યું હતું. તે નિયાણાના પ્રભાવે તેમને પાંચ પતિઓ થયા હતા. તે પ્રસંગને થયાને આજે હજારો વર્ષો થયાં છે, છતાં આવો બીજો પ્રસંગ હજી સુધી ઉપસ્થિત થવા પામ્યો નથી. એથી સિદ્ધ થાય છે કે, દ્રૌપદીજીની ઘટનામાં કુદરતી સંકેત હતો, નહિ કે એકીસાથે અનેક પતિ કરવાનો રિવાજ કારણરૂપ હતો. માટે કવચિત કોઈ વ્યકિતના સંબંધોમાં બનેલી ઘટનાને સિદ્ધાંત તરીકે ઠોકી બેસાડવી, એ ન્યાયયુક્ત વાત ન કહેવાય.

પાંચ પતિ હોવા છતાં 'ભરહેસરની સજ્ઝાય'માં તેમનું પવિત્ર નામ સતીઓની યાદીમાં દાખલ કરવામાં આવ્યું છે. અને ચતુર્વિધ સંઘ હંમેશા પ્રાતઃકાળે તે સતીના નામનું હર્ષભેર સ્મરણ કરે છે. આવી એક પવિત્ર સતીના નામને પુનર્લગ્નના રિવાજમાં આગળ કરનારને સમજુ અગર શાણા શી રીતે કહેવાય?

હિંસાની દૃષ્ટિએ તપાસીએ તો, વિષયસેવનમાં આરુઢ થયેલો મનુષ્ય એક વખતના સ્ત્રીસંસર્ગથી નવ લાખ ગર્ભજ પંચેંદ્રિયોનો, અસંખ્યાતા બેઈંદ્રિય જીવોની અને અસંખ્યાતા સંમૂચ્છિંમ આત્માઓના જીવનનો એકી સાથે નાશ કરે છે, એમ વિતરાગ પરમાત્માએ જ્ઞાનથી જોયું છે. આ વાતની પુષ્ટિ કરતાં કામશાસ્ત્ર પણ જણાવે છે કે, સ્ત્રીની યોનિમાં જીવોની ઉત્પત્તિ થાય છે, અને તેને વિષયસેવનની ઈચ્છા થાય છે. પુરુષના સંસર્ગથી તે સઘળા જીવો મરી જાય છે. આથી એટલું તો ચોક્કસ થયું કે, બ્રહ્મચર્યનું પાલન કરનારા અનેક જીવોની રક્ષાનું પુણ્ય ઉપાર્જન કરે છે. બ્રહ્મચર્યની મહત્તા બતાવતાં શાસ્ત્રકાર ફરમાવે છે :

जो देइ कणयकोडिं, अहवा कारेइ कणयजिणभवणं ।
तस्स न तत्तिय पुण्णं जत्तिय बंभवयधरिए ॥

કોઈ મનુષ્ય કનકની ક્રોડ સોનામહોર દાનમાં આપે અગર સોનાનું જિનમંદિર કરાવે, તેને તેટલું પુણ્ય નથી થતું, જેટલું પુણ્ય બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારને થાય છે,

વળી, પુરાણ આદિ ગ્રંથકાર પણ તેની મહત્તા જણાવતાં કહે છે :

एकरात्र्युषतस्यापि, या गतिर्ब्रह्मचारिणः ।
न सा शक्रसहस्रेण, वक्तुं शक्या युधिष्ठिर ॥

શ્રી કૃષ્ણજી યુધિષ્ઠિરને કહે છે : 'હે યુધિષ્ઠર! એક જ રાત્રિ માત્ર બ્રહ્મચર્યના સેવન કરનારની જે ગતિ થાય છે, તેને હજારો ઇંદ્રો પણ કહેવાને શકિતમાન થતા નથી.

શીલના પરિપાલનમાં ઉપર જણાવ્યા મુજબ અનેક જીવોને અભયદાન મળતું હોઈને વિધવાવિવાહના પ્રશ્નને ધર્મ સાથે પણ નિકટનો સંબંધ સિદ્ધ થાય છે. એટલે તેવી કુપ્રથાના નિવારણ માટે સૌ કોઈ સજ્જનોએ બનતું કરવા પ્રયત્નશીલ બનવાની જરૂર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Chastity is life and sensuality is death.
સદાચાર એ જ જીવન છે, અને દુરાચાર એ જ મરણ છે.

છતાં પણ ધર્મના સિદ્ધાંત માટે અગર સમાજના હિત માટે તદ્દન બેદરકાર વ્યક્તિઓ આવી કુપ્રથાને દાખલ કરવાનું સાહસ ખેડે, તે પહેલાં તેમણે ઉપરોક્ત દર્શાવેલાં નુકસાનો ઉત્પન્ન કરનારા નીચેના પ્રશ્નો ઉપર પણ વિચાર કરવો જરૂરી છે.

૧. બાર વર્ષથી લઈ તે બાવન વર્ષ સુધીની ઉમ્મરવાળી સ્ત્રીઓમાં કેટલી ઉમ્મર-વાળી સ્ત્રીઓને કેટલી વખત પુનર્લગ્નની છૂટ આપવી ?

૨. નિયત કરેલી મર્યાદાથી એકાદું વર્ષ વધારે ઉમ્મર ધરાવતી સ્ત્રી તેમ કરવા આગ્રહ કરશે તો શું કરશો ?

૩. બાળવિધવા હોય, પરંતુ સંતતિ હોય તો તેને છૂટ આપવી કે કેમ? સંતતિ હોય એટલે વિષય વિકારની શાંતિ થઈ જાય છે એમ કદી માનશો નહીં. વિષયોની શાંતિ, તેનાથી ભવિષ્યમાં ભોગવવા પડતા, વિપાકોનું જ્ઞાન, ભવભીરુતા અને ખાનદાની ઉપર નિર્ભર છે. તેનો સંબંધ માત્ર વય સાથે જ હોય છે એમ નથી.

૪. કદાચ એકાદ પુત્ર અગર પુત્રીવાળી બાળવિધવાને તેમ કરવાની છૂટ આપો, તો તે સંતતિને મૂળ પતિને ત્યાં રાખવી કે બીજા પતિને ત્યાં લઈ જવી ?

૫. બંને પક્ષવાળા તે સંતતિને સાચવવાની ના પાડે અને તેથી તમે તેને પુનર્લગ્ન કરતાં અટકાવો. પરંતુ વિષયને આધીન બનેલી તે સ્ત્રી કદાચ તે સંતતિના જાનને જોખમમાં મૂકવાનું સાહસ ખેડે, તો તે હિંસા રોકવા માટે તમે શું વ્યવસ્થા કરી શકો એમ છો ? જો તે માટે તમે કાંઇ ન કરી શકો, તો ગર્ભપાત આદિ હિંસાના ભયથી પુનર્લગ્નની હિમાયત કરો છો, તો તે હેતુ તો અત્રે પાર પાડી શકાતો નથી.

૬. વળી તે બાળવિધવાને પરણવાની તમન્નાવાળો પ્રથમ પોતાનો સ્વાર્થ સાધવા ખાતર તેને સાચવી લેવાની શરત પણ કરે, પરંતુ પાછળથી તેના ઉપર અનેક પ્રકારના જુલમો ગુજારે, તેવા પ્રસંગે તમે જેમ બાળવિધવાના હિત માટે પ્રયત્ન સેવ્યો છે, તે જ મુજબ તે સંતતિના હિત માટે બનતું કરવા બાંહેધરી આપો છો ખરા ?

૭. શાસ્ત્રમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઘણી બતાવવામાં આવી છે. જ્યારે વિધવા સ્ત્રીઓ જ બીજી વખત પરણવાનું શરૂ કરશે, તો કુંવારી કન્યાઓને પરણવાના કોડ કેવી રીતે પૂરા થશે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપરોક્ત પ્રશ્નો ઉપરાંત બીજા પણ અનેક પ્રશ્નો ઊભા થશે. અને તેમ થવાથી આજ સુધી જળવાઈ રહેલી સમાજની શાંતિ અને વ્યવસ્થા જોખમાયા વિના નહિ રહે.

એટલા જ માટે અગ્નિને પાણી બનાવનાર, સર્પને ફૂલની માળા કરી દેનાર, ભૂત પ્રેતના ભયને ભગાડનાર, દેવદાનવોનાં મસ્તકોને નમાવનાર, શૂળીનું સિંહાસન કરનાર, સૂતરના કાચા તાંતણે પાણી ખેંચાવનાર, સર્વ સદાચારોનો સરદાર, ચારિત્રના એક પ્રાણભૂત એવા એક શીલધર્મને (Celibacy) મોક્ષમાં જવાની ઢીલ ન કરવી હોય, તેમણે સ્વયં પાળવા માટે, અન્યો પાસે પળાવવા માટે અને પાલન કરનારાઓની અનુમોદના (Admiration) કરવા માટે સદા સજ્જ રહેવાની જરૂર છે. તેમ જ અનંતકાળથી ભોગવવા છતાં, જેનાથી હજી આત્મા તૃપ્ત થયો નથી, એવા ક્ષણિક શાંતિ આપનાર તુચ્છ વિષયો માટે સદ્ગતિ સમર્પણ કરનાર પતિવ્રતાના સુંદર વિશેષણને સન્નારીઓએ કદી જતું કરવા જેવું નથી.

અંતે, એટલું જણાવવું આવશ્યક છે કે, બાળ લગ્ન, વૃદ્ધ વિવાહ, કન્યા વિક્રય, મરણ પાછળના તેમ જ વિષયભોગની અનુમોદનારૂપ પાપ તરફ દોરી જનાર અઘરણીનાં (સીમંતનાં) અનિષ્ટ જમણો, લગ્નપ્રસંગોના બિનજરૂરી ખર્ચ આદિ કુરિવાજ ઉપર સચોટ અંકુશ મૂકી સિનેમા, નાટક, સર્કસ, મિજબાનીઓ આદિ દ્વારા થતા પૈસાના દુર્વ્યયને અટકાવી, વિધવાઓ માટે શ્રાવિકાશ્રમ જેવી સુંદર સંસ્થા, ધાર્મિક શિક્ષણ આપનારી ઉચ્ચ પાઠશાળાઓ, ગરીબ શ્રાવક–શ્રાવિકાના નિર્વાહ માટે વિશાળ ફંડોની સ્થાપના આદિ અનેકવિધ જૈન સમાજમાં સાચા અને આવા જરૂરી સુધારા કરી જેઓ સુધારક નામ ધરાવે છે, તેઓ સાચા સુધારક બને એ જ અભિલાષા. શાસનદેવ સૌને સદ્બુદ્ધિ અર્પો.

[ 'આતમનાં અજવાળાં'માંથી સાભાર ]

---

બીજા જીવોને દુઃખ આપનારા અજ્ઞાની જીવો અંધારામાંથી અંધારાની તરફ જઈ રહ્યા છે. — શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

મોહને કારણે મૂઢ બની ગયેલો માનવી ખરી રીતે જ્યાં ભયની આશંકા રહેલી છે, ત્યાં તો ભયની આશંકા નથી કરતો અને જ્યાં ભય પામવા જેવુ કશું નથી, ત્યાં ભયની શંકા રાખ્યા કરે છે. — શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર

---



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org